<table>
<tr><td>મળ્યા તારીખ</td><td colspan="3">૦૬ / ૦૩ / ૨૦૨૬</td></tr>
<tr><td>નોંધણી તારીખ</td><td colspan="3">૦૬ / ૦૩ / ૨૦૨૬</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૧૭ / ૦૩ / ૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૦</td><td>૧૧</td></tr>
</table>

---

## કેશોદના મહે. એડિશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુકામ કેશોદ.

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૭૬ /૨૦૨૬**
**આંક –**

**હાજાભાઈ ઉર્ફે હિરેનભાઈ ધરણાંતભાઈ પીઠીયા,**
ઉ.વ.આ. : ૪૨, ધંધો : ડ્રાઈવિંગ,
રહે.મોટી ખાખર, તા.મુંદ્રા, જી.કચ્છ,
મુળ રહે.નગીચાણા, તા.માંગરોળ, જી.જુનાગઢ.      .....અરજદાર.

વિરૂધ્ધ ......

શ્રી સરકાર,
સમન્સ થ્રુ, સરકારી વકીલશ્રી, કેશોદ.      .....સામાવાળા.

---

**બાબત:–  ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી. . .**

---

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી ડી. કે. પરમાર,
સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી એન. કે. પુરોહિત,

## –: ચૂકાદો :–

(૧) અત્રે અરજદાર કેશોદ, પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૦૨૫૦૦૧૦ /૨૦૨૫(ફોજદારી કેસ નં.૨૩૪/૨૦૨૬), ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૬(૪) મુજબના ગુનાના કામે આરોપી છે, જેઓ સદરહુ ગુનાના કામે હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોઈ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) આક્ષેપિત ગુનાની હકીકત:–

આ કામના ફરીયાદીનું વાહન ટ્રક આઈસર, જેના રજી.નં.જીજે–૦૬–એયુ–૦૭૩૩, જેની કિંમત રૂા.૯,૫૦,૦૦૦/–વાળો આ કામનો આરોપી આઠ માસથી ડ્રાઈવર તરીકે હાંકતા હોય અને ફરીયાદીનું વાહન ભાડા અર્થે ગુજરાત તથા રાજસ્થાન મુકામે તથા રેગ્યુલર બહારના ફેરાઓ કરતા હોય અને ફરીયાદીનો વિશ્વાસ જીતી તેમનું વાહન લઈ જઈને ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત કરતા કેશોદ પો.સ્ટે. ગુ.ર. નં.૧૧૨૦૩૦૩૦૨૫૦૦૧૦/૨૫, ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૧૬ (૨), ૩૧૬(૪) મુજબના ગુનાને અંજામ આપેલ છે''. આરોપી ધ્વારા ઉકત વાહન ફરીયાદી–મૂળ માલીકને પરત કરાયેલ નથી અને પોતાને હસ્તગત કરી લીધેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની રજુઆત છે કે, અરજદાર /આરોપી તા.૨૨–૧૨–૨૦૨૫થી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર વિરૂધ્ધ ફરીયાદીનો પ્રાઈમાફેસી કેસ નથી. આ કામના ફરીયાદીએ અરજદાર વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપેલ છે. ફરીયાદ જોવામાં આવે તો પણ બનાવ તા.૦૩–૦૯–૨૦૨૪ના રોજ બનેલ છે, જયારે ફરીયાદ ચાર મહીના બાદ એટલે કે પ્રિપ્લાનિંગ કરી ફરીયાદમાં અરજદાર વિના કારણે હેરાન કરવાના ઈરાદે ખોટી રીતે ફસાવેલાનું સ્પષ્ટ જણાઈ આવે છે. અરજદાર કોઈ આઈશર વાહન મેળવી કોઈ રકમ મેળવેલ નથી અને અરજદારએ કોઈ કૃત્ય કરવામાં આવેલ નથી, તેમજ સજાની જોગવાઈ જોવામાં

આવે તો પણ સાત વર્ષની સજાની જોગવાઈ અને ટ્રાયેબલ બાદ જે.એમ.એફ.સી. છે. અરજદાર લાંબો સમય જયુડીશ્યલ કસ્ટડીમાં રહેશે તો તેમના માનસ ઉપર ખૂબ જ વિપરીત અસર થાય તેમ છે. અરજદાર મોટી ઉંમરના છે તથા તેમના કુટુંબ કબીલાની જવાબદારી અરજદાર ઉપર આવેલ છે તેમજ અરજદાર ઘરના મુખ્ય કમાવનાર વ્યકિત હોય, જેથી તેમના પરિવાર ઉપર પણ ખૂબ જ ખરાબ અસર થાય તેમ છે. અરજદાર માંગરોળ/કચ્છના કાયમી રહેવાસી છે, તેમજ સ્થાવર–જંગમ મિલ્કત ધરાવે છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. સદર ગુનાની તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજુ કરી દીધેલ છે. અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તે તે શરતોનું ચુસ્તપણે પાલન કરવાની બાહેંધરી આપે છે. આથી અરજદારને રેગ્યુલર જામીન પર મુકત કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

અરજદાર/આરોપી તરફે જામીન અરજીમાં નીચે મુજબના કેસ લો ઉલ્લેખેલ છે :

૧) ૨૦૧૨(૨) જી.એલ.એચ. પાના નં.૯૩
સંજય ચંદ્રા –વિરૂધ્ધ– સી.બી.આઈ.

૨) ૨૦૧૧(૨) એ.આઈ.આર. પાના નં.૪૧૦
નિકુંજભાઈ જયંતિભાઈ પટેલ –વિરૂધ્ધ– સ્ટેટ ઓફ ગુજરાત

૩) ૨૦૧૧ એસ.એ.આર.(ક્રિમીનલ) પાના નં.૧૧૮
સિધ્ધરામ સતલીંગપ્પા મ્હાત્રે –વિરૂધ્ધ– સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

૪) ૨૦૧૧(૨) જી.એલ.એચ. પાના નં.૨૫૬
રાકેશ પ્રહલાદરામ જોષી –વિરૂધ્ધ– સ્ટેટ ઓફ ગુજરાત

(૪) સામાવાળા સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રીએ જામીન અરજીનો વિરોધ કરતા જણાવેલ કે, આરોપી સામે વિશ્વાસઘાત અને ઠગાઈનો પ્રથમદર્શનીય કેસ

છે અને આરોપીના હવાલામાં રહેલ આઈશર ટ્રક રીકવર કરવાનો બાકી છે. આઈશર નં. જીજે–૦૬–એયુ–૦૭૩૩, જેની કિંમત રૂા.૯,૫૦,૦૦૦/– વાળી ગાડીમાં છેલ્લા આઠ માસથી ડ્રાઈવર તરીકે હાલના અરજદાર/આરોપીને ગાડી હાંકવા માટે કેશોદ ઉતાવળી નદીના પુલ પાસેથી સોંપેલ હતી અને અરજદાર/આરોપી ફરીયાદીનું વાહન ભાડા અર્થે ગુજરાત તથા રાજસ્થાન મુકામે ચલાવતો હતો, અને તે ફરીયાદીનું વાહન વડોદરાના પાદરાથી રેગ્યુલર બહારના ફેરા કરતો હતો અને ફરીયાદીના પતિને દર માસે હિસાબ મોકલી આપતો હતો. ફરીયાદી/સાહેદને આરોપી ઉપર ભરોસો હતો તેમજ છેલ્લે માહે જુન–૨૦૨૪ નો હિસાબ ફરીયાદીના ખાતામાં આવી ગયેલ હતો. ત્યારબાદ જુલાઈ–૨૦૨૪ થી ફરીયાદીનો હિસાબ બાકી હોય અને તા.૦૩–૦૯–૨૦૨૪ ના રોજ સાહેદને આરોપી સાથે મોબાઈલ ફોન નં.૮૨૩૮૬૩૨૭૧૮ ઉપર છેલ્લી વખત વાત થયેલી હતી અને ફરીયાદીના પતિને આરોપીએ એવું કહેલ કે, ''એકાદ દિવસમાં તમારો ગાડીનો હિસાબ મોકલાવી આપું છું''. આ વાત થયા બાદ આરોપીએ પોતાનો મોબાઈલ નંબર સ્વીચ ઓફ કરી દીધેલ હતો, ફરીયાદીના પતિએ સદર મોબાઈલ નંબર ઉપર અવાર–નવાર કોન્ટેકટ કરતાં, આરોપીનો કોન્ટેકટ થયેલ ન હતો. જેથી આરોપી/ અરજદારે આઠ માસથી ડ્રાઈવર તરીકે ફરીયાદીનું વાહન હાંકતા હોય અને ફરીયાદીનું વાહન ભાડા અર્થે ગુજરાત તથા રાજસ્થાન મુકામે તથા રેગ્યુલર બહારના ફેરાઓ કરતા હોય અને ફરીયાદીનો વિશ્વાસ જીતી, તેનું વાહન આઈશર નં.જીજે–૦૬–એયુ–૦૭૩૩ કિંમત રૂા.૯,૫૦,૦૦૦/–નું લઈને આરોપીએ ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત કરી હાલનો ગુનો કરેલ છે. જેથી આરોપીને જામીન મુકત નહીં કરવા વિનંતી કરેલ છે.

(૫) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆત, અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા, તપાસના કાગળો, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લેતાં, અત્રે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજીનો નિર્ણય કરતી વખતે, ધ્યાનમાં લેવા ઈષ્ટ

પ્રસ્થાપિત સિધ્ધાંતોને આ કેસની હકીકતના પરીપ્રેક્ષ્યમાં ધ્યાને લીધા. આક્ષેપિત ગુનાનું સ્વરૂપ જોતાં, જણાય છે કે, અરજદાર/આરોપી સામે વિશ્વાસઘાત અને ઠગાઈનો પ્રથમદર્શનીય કેસ છે. આરોપી પાસેથી ફરીયાદીની માલીકીનો આઈશર ટ્રક નં.જીજે–૦૬–એયુ–૦૭૩૩ રીકવર કરવાનો બાકી છે. મિલ્કત સબંધી ગુન્હો છડે ચોક થયેલ છે, જે ગંભીર સ્વરૂપનો છે. આરોપીએ વાહન વેંચી નાણાં ઉભા કરી લીધેલ છે અને પોલીસ રીકવરી કરી શકેલ નથી. અગાઉ રેગ્યુલર જામીન અરજી ગુણદોષ ઉપર નામંજુર કરવામાં આવ્યા બાદ ચાર્જશીટ પછી પણ આરોપીની તરફેણમાં કોઈ સંજોગો બદલાયા જણાતા નથી. આરોપી ગુન્હાહીત ભૂતકાળ ધરાવતા હોવાનું તપાસ કરનાર અધિકારીની એફીડેવીટથી જણાઈ આવે છે. જેથી આ તબકકે આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવી ઈષ્ટ નથી, સબબ નીચે મુજબ હુકમ કર્યો.

**<u>–: હુ ક મ :–</u>**

હાલની આ ફોજદારી પરચુરણ અરજી નં.૭૬/૨૦૨૬ નામંજુર રાખવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૧૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૧૭/૦૩ / ૨૦૨૬,

**(હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી)**
એડિશનલ સેશન્સ જજ,
કેશોદ.
UNIQ I.D.NO.GJ 00576

NKM